ભારત - યુકેની પ્રથમ ત્રિ-સેવા કવાયત 'કોંકણ શક્તિ ૨૦૨૧'નો સમુદ્રી તબક્કો પૂરજોશમાં ચાલી રહ્યો

અમદાવાદ ૨૭

ભારત અને યુનાઇટેડ કિંગડમ (યુકે)ના સશસ્ત્ર દળો વચ્ચે પ્રથમ ત્રિ-સેવા કવાયત 'કોંકણ શક્તિ ૨૦૨૧'નો સમુદ્રી તબક્કો કોંકણના દરિયાકાંઠા વિસ્તારમાં અરબ સમુદ્રમાં યોજવામાં આવ્યો છે. હાર્બર પ્લાનિંગ તબક્કો પૂરો થયા પછી આ કવાયતનો સમુદ્રી તબક્કો ૨૪ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ શરૂ થયો છે. તે ૨૭ ઓક્ટોબર ૨૦૨૧ સુધી ચાલુ રહેશે.

ભાગ લઇ રહેલા તમામ યુનિટને સામસામે બે દળો તરીકે વહેંચવામાં આવ્યો છે જેનો મૂળ ઉદ્દેશ પૂર્વ-નિર્ધારિત સ્થળોએ સૈન્યના જવાનોને સમુદ્રમાં નિયંત્રણ માટે લેન્ડ કરવાનો છે. એક સૈન્ય દળ ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ વેસ્ટર્ન ફ્લિટના નેતૃત્વમાં ભાગ લઇ રહ્યું છે જેમાં ફ્લેગ શીપ INS ચેન્નાઇ તેમજ ભારતીય નૌસેનાના અન્ય યુદ્ધ જહાજો અને રોયલ નેવીના ટાઇપ ૨૩ ફ્રિગેટનું HMS રિચમન્ડ શામેલ છે. અન્ય સૈન્ય દળનું સંચાલન યુકે કેરિઅર સ્ટ્રાઇક ગ્રૂપ અંતર્ગત કરવામાં આવી રહ્યું છે જેમાં એરક્રાફ્ટ કેરિઅર HMS ક્વિન એલિઝાબેથ, યુકે અને નેધરલેન્ડ્સના અન્ય નૌસેના જહાજો અને ભારતીય યુદ્ધ જહાજો શામેલ છે.બંને સૈન્ય દળો તેમના સમૂહોમાં સમુદ્રી એપ્રોચ પર ફરી આપૂર્તિ, ફાઇટર એરક્રાફ્ટ (MiG 29Ks A"¡ F35Bs) દ્વારા હવાઇ નિર્દેશન અને સ્ટ્રાઇક ઓપરેશન્સ, હેલિકોપ્ટરો (સિ કિંગ, ચેતક અને વાઇલ્ડકેટ)ના ક્રોસ નિયંત્રણ, સમુદ્રમાં યુદ્ધની પરિસ્થિતિમાં પરિવહન અને ખતમ કરી શકાય તેવા હવાઇ લક્ષ્યો પર ગન શોટ્સ જેવી કવાયતો સાથે એકીકૃત કરવામાં આવેલા છે. સૈન્યના જવાનોના સિમ્યુલેટેડ ઇન્ડક્શનની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી અને બાદમાં સંયુક્ત કમાન્ડ ઓપરેશન્સ કેન્દ્ર ઉભું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, બંને સૈન્ય દળો અદ્યતન વાયુ અને પેટા-સપાટી કવાયતો દ્વારા સમુદ્રમાં સામસામે આવ્યા હતા.કવાયત દરમિયાન હાથ ધરવામાં આવેલા હવાઇ ઓપરેશનોમાં ભારતીય સમુદ્રી પેટ્રોલ એરક્રાફ્ટ (MPA) ડોર્નિઅર, ભારતીય નૌસેના (MiG 29Ks), રોયલ નેવી (F35Bs), ભારતીય વાયુસેના (SU-30 અને જગુઆર)ના ફાઇટર્સ દ્વારા સંયુક્ત ફોર્મેશન પર હુમલા તેમજ ફોર્મેશન પછી સંયુક્ત ફ્લાઇ પાસ્ટ સામેલ છે. ભારતીય સ્કોર્પિયો વર્ગની સબમરીન અને અન્ડર વોટર રિમોટ કંટ્રોલ્ડ વાહન EMATT સાથે પેટા-સપાટી કવાયતનું સંચાલન રોયલ નેવી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કવાયત રાત્રિ દરમિયાન કરવામાં આવી હતી. ભારતીય MPA, P8I એ પણ આ કવાયતમાં ભાગ લીધો હતો.

અનુકૂળ શ્રમ નીતિઓ ગુજરાતને વર્ષ ૨૦૨૩ સુધીમાં

રોજગાર બમણા કરવાના લક્ષ્યને હાંસલ કરવા સક્ષમ કરી શકે: એસ્ચા સેન્ટર

● ડિજિટલ ટેક્નોલોજીસને કારણે આપણી કામગીરીમાં મૂળભુત પરિવર્તન આવ્યું છે. તેણે કામગીરી સંબંધિત પરંપરાગત અવરોધોને દૂર કરીને વર્ક ફ્રોમ હોમ, પાર્ટ ટાઇમ એમ્પલોયમેન્ટ, કોન્ટ્રાક્ટ વર્કર્સ અને ગિગ વર્કર્સ જેવી રોજગારની નવી તકોના સર્જનને વેગ આપ્યો છે. ગુજરાતમાં ૩૪૫,૦૦૦થી વધુ એમએસએમઇ છે, જે રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઇ-કોમર્સ એમએસએમઇની વૃદ્ધિમાં મદદરૂપ બની શકે છે તેમજ રોજગારની નવી શ્રેણી પ્રદાન કરી શકે છે કારણકે મહામારીને કારણે પરંપરાગત શ્રેણીઓને ગંભીર ફટકો પડ્યો છે. તાજેતરમાં એમએસએમઇ મંત્રી નારાયણ રાણેએ જાહેર કર્યું હતું કે તેઓ ગુજરાતમાં એમએસએમઇ સેક્ટરમાં આગામી બે વર્ષમાં હાલના ૫૮ લાખ રોજગારને બમણા કરીને ૧.૨ કરોડ કરવા માગે છે.આ બાબતને લક્ષ્યમાં રાખતાં સુસંગત અને યોગ્ય પ્રકારે વિચારણા કરાયેલી શ્રમ સંહિતા હોવી મહત્વપૂર્ણ છે, જે ભારતના સૌથી ઔદ્યોગિક રાજ્યો પૈકીના એકમાં સુધારાને વેગ આપવાની વિશિષ્ટ તક પ્રદાન કરશે.હાલમાં સમયમાં એવી નીતિઓની રચના કરવાની જરૂર છે, જે કંપનીઓને તેમના કાર્યબળને સમય અને સ્થળની સાથે-સાથે પર્યાપ્ત સુરક્ષા પ્રદાન કરતા ફ્લેક્સિબિલિટી આપે. રોજગારના નવા સ્વરૂપો, નાના કોન્ટ્રાક્ટ લેબરર્સ અને વ્યવસાયોની ઓળખ કરીને તેમના માટે યોગ્ય જોગવાઇ કરવા બાબતે સંતુલન શોધવું તથા તેમને સહયોગ પ્રદાન કરવો ખૂબજ મહત્વપૂર્ણ છે. આ પ્રકારના બિન-પરંપરાગત કર્મચારીઓ માટે ઉચિત કાયદાકીય માળખાના અભાવથી નાના વ્યવસાય માલીકો અને ઉદ્યોગોના ઉત્થાન સામે નોંધપાત્ર પડકાર પેદા થઇ શકે છે. વધુમાં સંહિતા મુખ્ય કામગીરીની વ્યાખ્યા અંગે પૂરતી સ્પષ્ટતા પ્રદાન કરતી નથી તેમજ તેમાં ઇ-કોમર્સ ઓર્ગેનાઇઝેશન સામેલ નથી કે જેઓ પ્રસ્તાવિત મુખ્ય કામગીરીમાં સામેલ સેક્ટર્સ અંતર્ગત છે. તેના પરિણામે ખોટી વ્યાખ્યાની સંભાવના રહે છે અને તે કોન્ટ્રાક્ટ વર્કર્સની રોજગાર ક્ષમતા સામે અવરોધ પેદા કરશે. આ ઉપરાંત સુનિશ્ચિત કરવાની જરૂર છે કે નબળા પ્રવાસી કામદારોને મૂળભુત સુવિધાઓથી વંચિત થતા બચાવી શકાય. નવી સંહિતા તેમના પ્રત્યે લક્ષ્યાંકિત હોવું જોઇએ અને તેથી સામાજિક-આર્થિક વર્ગીકરણને ધ્યાનમાં રાખવું જોઇએ. એક પ્રમુખ નીતિ થિંક ટેંક ધ એસ્ટા સેન્ટર દ્વારા આયોજિત એક બ્રિફિંગ સત્રમાં સંબોધન કરતાં એસ્ચા સેન્ટરના સેક્રેટરી વિવાન શરણે જણાવ્યું હતું કે, વર્તમાન સંહિતાને ટેક-આધારિત કંપનીઓના સંદર્ભે બે પગલા આગળ અને બે પગલા પાછળ તરીકે ધ્યાનમાં લઇ શકાય. ગિગ વર્કર્સ માટે સામાજિક સુરક્ષા જેવાં સકારાત્મક પરિબળો છતાં પણ સંહિતા કર્મચારીઓ અને નોકરીદાતાઓને તેમના સંબંધોને આકાર આપવામાં મર્યાદિત સ્વતંત્રતા પ્રદાન કરે છે. વિશેષ કરીને કામકાજના કલાકો, રજીસ્ટ્રેશનની જરૂરિયાતો તેમજ કામકાજની સ્થિતિ સંબંધિત ધોરણો અંગેના નિયંત્રણોમાં તે જોવા મળે છે. નિયંત્રણોને વ્યવહારુ બનાવીને કામદારોના હકોને સુરક્ષિત કરતાં વધુ ફ્લેક્સિબિલિટી આપવાની જરૂર છે.આ મુદ્દે પોતાની કાયદાકીય નિપૂંણતા વ્યક્ત કરતાં એસ્ચા સેન્ટર ખાતે જુનિયર ફેલો મોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, નવી શ્રમ સંહિતાએ કામદારો અને નોકરીદાતાઓ બંન્નેના લાભાર્થે કામકાજના સમાહમાં ફ્લેક્સિબિલિટી આપવા માટે કામ કરવું જોઇએ. સરકારે કામકાજના કલાકો ઉપર વ્યવહારુ દેખરેખ રાખવાની સાથે-સાથે કામદારના શોષણને રોકવા માટે એક વ્યવસ્થા વિકસાવવી જોઇએ. તેમણે ઉમેર્યું હતું કે, ભારત માટે વિકાસના પરિપ્રેક્ષ્યમાં પાર્ટ ટાઇમ વર્ક મહત્વપૂર્ણ છે કારણકે વિકસિત દેશો ઘણીવાર પાર્ટ ટાઇમ કામ કરતાં કર્મચારીઓ બાબતે અગ્રેસર છે. સંહિતામાં પાર્ટ ટાઇમની ઓળખ કરીને તેની વ્યાખ્યા જરૂરી છે તેમજ ભારતના કામદારોના વિશાળ અને વૈવિધ્યસભર સમૂહની હિસ્સેદારીને સક્ષમ બનાવવી જોઇએ.

પીબી ફિનટેક લિમિટેડનો આઇપીઓ ૦૧ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ખુલશે

ફોસ્ટ અને સુલિવનના જણાવ્યા મુજબ, ટેકનોલોજી, ડેટા અને ઇનોવેશનના પાવરનો ઉપયોગ કરતી વીમા અને ધિરાણ ઉત્પાદનો માટે ભારતનું સૌથી મોટું ઓનલાઇન પ્લેટફોર્મ ધરાવતી પીબી ફિનટેક લિમિટેડ નો આઇપીઓ ૦૧ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ખુલશે.ઓફરની પ્રાઇસ બેન્ડ ₹૨ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઇક્વિટી શેરદીઠ ₹૯૪૦થી ₹૯૮૦ નક્કી કરી છે. બિડ લઘુતમ ૧૫ ઇક્વિટી શેર અને પછી ૧૫ ઇક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફરમાં પીબી ફિન્ટેક લિમિટેડના ₹૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેર ધરાવે છે, જેમાં ₹૩૭,૫૦૦ મિલિયનનો ફ્રેશ ઇશ્યૂ અને એસવીએફ પાયથન ઈઈ લિમિટેડ દ્વારા ₹૧૮,૭૫૦ મિલિયન સુધીના વેચાણની ઓફર અને આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં યાદીમાં સામેલ ચોક્કસ વ્યક્તિઓના ઇક્વિટી શેર સામેલ છે કંપની વીમો, ધિરાણ અને અન્ય નાણાકીય ઉત્પાદનોની સુવિધાજનક સુલભતા પ્રદાન કરે છે તથા એનો ઉદ્દેશ મૃત્યુ, રોગ અને નુકસાનની નાણાકીય અસર વિશે ભારતીય કુટુંબો વચ્ચે જાગૃતિ લાવવાનો છે. પોતાનાં ગ્રાહક-કેન્દ્રિત અભિગમ મારફતે પીબી ફિનટેક લિમિટેડ વીમો અને અન્ય ઉત્પાદનોની ઓનલાઇન સંશોધન-આધારિત ખરીદીઓ કરવા સક્ષમ બનાવવા ઇચ્છે છે તથા પારદર્શકતા વધારવા માગે છે, જે ગ્રાહકોને સુમાહિતગાર નિર્ણયો લેવા સક્ષમ બનાવે છે. આ પ્લેટફોર્મ તેમની વીમાકંપનીઓ અને નાણાકીય સેવા ઉદ્યોગમાં ધિરાણ પાર્ટનર્સને સઘન ડેટા અને ડેટા વિશ્લેષણની ક્ષમતાનો ઉપયોગ કરીને ઉપભોક્તાઓ માટે કસ્ટમાઇઝ ઉત્પાદનોની ડિઝાઇન કરવા અને ઇનોવેશન કરવાની સુવિધા પણ આપે છે. ફ્રેશ ઇશ્યૂમાંથી પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ આ માટે થશે: (૧) બ્રાન્ડ્સની વિઝિબિલિટી વધારવા અને જાગૃતિ લાવવા, જેમાં પોલિસીબાઝાર અને પૈસાબાઝાર સામેલ છે, પણ મર્યાદિત નથી; (૨) ઓફલાઇન કામગીરી સહિત ઉપભોક્તા આધાર વધારવાની નવી તકો; (૩) વ્યૂહાત્મક રોકાણ અને એક્વિઝિશન્સ; (૪) ભારતની બહાર કામગીરીનું વિસ્તરણ કરવા અને (૫) સાધારણ કોર્પોરેટ ઉદ્દેશો માટે. આ ઓફરમાં ઓફર થયેલા ઇક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ બંને પર થશે. કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, મોર્ગન સ્ટેન્લી ઇન્ડિયા કંપની પ્રાઇવેટ લિમિટેડ, સિટિગ્રૂપ ગ્લોબલ માર્કેટ્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, આઇસીઆઇસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ, એચડીએફસી બેંક લિમિટેડ, આઇઆઇએફએલ સીક્યોરિટીઝ લિમિટેડ અને જેફરીઝ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે. કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ અને મોર્ગન સ્ટેન્લી ઇન્ડિયા કંપની પ્રાઇવેટ લિમિટેડ જોઇન્ટ સ્લોબલ કો-ઓર્ડિનેટર્સ અને બુક રનિંગ લીડ મેનેજર્સ તરીકે પણ કામ કરે છે. યશિષ દહિંયા, આલોક બંસલ, સ્થાપક યુનાઇટેડ ટ્રસ્ટ, શિખા દહિયા અને રાજેન્દ્ર સિંહ કુહાર સંયુક્તપણે

ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં

ભારતની ઊંચી છલાંગ ૨૦૧૫માં ૮૧મા ક્રમેથી ૨૦૨૧માં ૪૬મા ક્રમે

નવી દિલ્હી,તા.૨૭

ભારતમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન કલ્ચર વિક્સી રહ્યું છે, જેણે કોરોના જેવી અભૂતપુર્વ મહામારીમાં પણ દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ જ દિશામાં આગળ વધતા ભારતે વર્ષ ૨૦૨૧ની ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ રેન્કિંગમાં ૪૬મો ક્રમ હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૧૫માં ભારતનો ક્રમ ૮૧ હતો. આ રેન્કિંગ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા 'વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન' દ્વારા દર વર્ષે જારી કરવામાં આવે છે. રાજકારણની સ્થિતિ અને અભ્યાસનું પાયાનું માળખું સહિતનાં ૮૦ માપદંડોને આધારે તેને તૈયાર કરવામાં આવે છે. WIPOએ જણાવ્યું હતું કે,ભારતનું આ રેન્કિંગ સરકારી અને ખાનગી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા નોંધપાત્ર કામગીરી અને વધુ સારી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમની સાબિતી છે. પરમાણુ ઊર્જા વિભાગ, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, બાયોટેક્નોલોજી વિભાગ અને અંતરિક્ષ વિભાગના વૈજ્ઞાનિકોએ ભારતની ઇનોવેશન ઇકોસિસ્ટમને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે.

મુંદ્રામાંથી પકડાયેલા ડ્રગ્સની વધુ તપાસ કરવા એનઆઇએના કચ્છમાં ધામા

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૨૭

મુંદ્રા અદાણી પોર્ટ પરથી ૧૬ સપ્ટેમ્બરના રોજ દ્વારા ઝડપી લેવામા આવેલા રૂ. ૨૧ હજાર કરોડના ૨,૯૯૦ કિગ્રા ડ્રગ્સની વધુ તપાસ માટે એનઆઇએની ટીમ કચ્છ જવા રવાના થઇ છે. આ કેસમાં આંતરરાષ્ટ્રીય માફીયાની કોઇ સંડોવણી છે કે કેમ તેની ઊંડીતપાસ કરવામાં આવશે. કચ્છમાં જઇને એનઆઇએ દ્વારા આ ડ્રગ્સ કાંડ પાછળ કોનો હાથ છે, તેમજ કોના ઇશારાથી મુંદ્રા પોર્ટ પર ડ્રગ્સ ઉતારવામાં આવ્યું હતુ તેની ઘનિષ્ઠ તપાસ હાથ ધરાશે. દરમિયાનમાં ગઇ કાલે રાત્રે મોડી એક અફઘાન નાગરિક મોહમ્મદ ખાનની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી હતી. ત્યારેબાદ અમદાવાદમાં મોડી રાત્રે કોર્ટમાં રજી કરતા પ્રિન્સીપાલ જજ સુભદ્રાબેન કે. બક્ષીએ ત્રણ દિવસના રીમાન્ડ આપ્યા હતા. મોહમ્મદ ખાનની એનઆઇએ દિલ્હીથી ધરપકડ કરી હોવાથી પટીયાલા કોર્ટમાંથી ટ્રાન્ઝિસ્ટ રીમાન્ડ મેળવીને અમદાવાદની ખાસ કોર્ટમાં હાજર કરાયો હતો. ઉલ્લેખનીય છે કે એનઆઇએ દ્વારા અગાઉ માયાવરણ સુધાકર અને દુર્ગાપૂર્ણા વૈશાલી ગોવિંદ રાજુ અને રાજકુમાર પી.ના એનઆઇએએ દસ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા, જે ૩૦ ઓક્ટોબરના રોજ પૂરા થાય છે. વધુમાં એજન્સીને વિદેશી હાથ હોવાની શંકા છે અને વધુ લોકોની પણ સંડોવણી હોવાની શક્યતા જણાય છે. આ સમગ્ર ડ્રગ્સ કાંડમાં ઇન્ટરનેશનલ ડ્રગ્સ માફીયાઓની સંડોવણી છે. જેમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ભારતના ડ્રગ્સ માફીયાઓ દ્વારા ડ્રગ્સની હેરાફેરી કરીને તેમાંથી ઉપજેલા નાણાં આંતકવાદી પ્રવૃત્તિઓ પાછળ વાપરવામાં આવી રહ્યા છે.

માનવ ગરિમા યોજનાની ટુલ - કિટ્સના

સ્ટોરેજ તેમજ વિતરણની કામગીરી માટે રસ ધરાવતી સંસ્થાઓએ વિકસતી જાતિની કચેરીનો સંપર્ક કરવો

વડોદરા, તા.૨૭

માનવ ગરિમા યોજના (વિકસતી જાતિ) ની ટુલ - કિટ્સના સ્ટોરેજ તેમજ વિતરણની કામગીરી માટે રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવે છે. વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની માનવ ગરિમા યોજના વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ માટે ગ્રીમકો ગાંધીનગર તરફથી મળનાર ટુલ-કિટ્સના સ્ટોરેજ તેમજ વિતરણની કામગીરી માટે થર્ડ પાર્ટી નોડલ એજન્સી તરીકે રાખવાની છે તેથી આ અંગેની દરખાસ્ત મંગાવવામાં આવે છે. જે સંસ્થા/પેઢી રસ ધરાવતી હોય તેઓએ નિયત સરનામે દરખાસ્તનો નમૂનો રૂબરુ મેળવીને તા.૨૦/૧૧/૨૦૨૧ સુધીમાં નિયત નમૂનામાં જરૂરી સાધનીક કાગળો સાથે દરખાસ્ત રજી.પોસ્ટ.એ.ડી કરવી. મહત્વનું છે કે, સંસ્થા ટુલકિટ્સના વિતરણનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઈએ. ટુલ-કિટ્સ સ્ટોરેજ માટે ગોડાઉનની સુવિધા ધરાવતી હોય તેમજ સંસ્થા પાસે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષના ઓડિટ રીપોર્ટ હોવા જોઈએ. વધુ વિગતો, માહિતી તેમજ દરખાસ્તનો નમૂનો, જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ), વિકસતી જાતિની કચેરી, રૂમ નંબર ૨૦૬, નર્મદા ભવન, બીજો માળ, સી - બ્લોક, વડોદરા ખાતેથી મળશે. કચેરીના ફોન નં. (૦૨૬૫) ૨૪૨૬૬૨૨ E-mail dydir-ddcw-vadgujarat.gov.in છે, તેના પર સંપર્ક કરી શકાશે, તેમ જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

સ્વચ્છ પર્યાવરણની દિશામાં અનોખી પહેલ: દિલ્હીમાં દેશનો પ્રથમ એન્ટી-સ્મોગ ટાવર શરૂ થયો

નવી દિલ્હી,તા.૨૭

નાગરિકોના આરોગ્ય માટે પર્યાવરણની જાળવણી અનિવાર્ય છે. આ દિશામાં આગળ વધતા રાજધાની દિલ્હીમાં એક નવી શરૂઆત કરવામાં આવી છે. શિયાળાની મોસમમાં અહીં પ્રદૂષણની સમસ્યાને જોતાં આનંદવિહાર વિસ્તારમાં દેશનો સૌથી મોટો અને પ્રથમ સ્મોગ ટાવર કાર્યાન્વિત કરવામાં આવ્યો છે. ૭ સપ્ટેમ્બરે વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવે આ ટાવરની શરૂઆત કરી હતી. અમેરિકાની મિન્નેસોટા યુનિવર્સિટીએ આ ટાવરની ડિઝાઇન તૈયાર કરી છે. આ એન્ટિ સ્મોગ ટાવરમાં ચારે બાજુ૧.૪૦ મીટરના વ્યાસના ૧૦-૧૦ એટલેકેકુલ ૪૦ પંખા લગાવવામાં આવ્યા છે. એટલું જ નહીં, તેની સાથે સાથે નેશનલ ક્લિન એર પ્રોગ્રામ અંતર્ગત 'નોન-એટેઇનમેન્ટ' શહેરોમાં હવા પ્રદૂષણના નિયમન માટે 'પ્રાણ' નામનું પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજરદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજરદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ.નંબર	વિભાગનું નામ	કામનીસંખ્યા	અંદાજીત રકમ
૧	૬૧૪/૨૧-૨૨	પા.પુ.(વિતરણ)	૦૧	૪૮,૧૬૦/-
૨	૬૧૫/૨૧-૨૨	ઉત્તર ઝોન	૦૫	૯,૩૪,૦૭૨/-
૩	૬૧૬/૨૧-૨૨	બિલ્ડીંગ પ્રોજેક્ટ	૦૧	૭૭,૨૫,૧૭૮/-
૪	૬૧૭/૨૧-૨૨	રોડ/ટ્રાફીક પ્રો.	૦૧	૫૦,૦૦,૦૦૦/-
૫	૬૧૮/૨૧-૨૨	સેન્ટ્રલ સ્ટોર	૦૨	૮,૦૦,૦૦૦/-
૬	૬૨૦/૨૧-૨૨	પાર્ક્સ એન્ડ ગાર્ડન	૦૫	૨,૧૧,૯૫૦/-
૭	૬૨૧/૨૧-૨૨	બ્રીજ પ્રોજેક્ટ	૦૩	૧,૩૯,૧૫,૦૦૦/-

નોંધ: અ.નં.૩, ૪ અને ૭ ની જાહેરાત ઇ.ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજુર/નામંજુર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૬૨૨/૨૦૨૧-૨૨ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

હિન્દ- પ્રશાંત પ્રાદેશિક સંવાદ ૨૦૨૧નું ૨૭ થી ૨૯ ઓક્ટોબર ૨૦૨૧ દરમિયાન આયોજન

અમદાવાદ ૨૭

વર્ષ ૨૦૧૮માં પ્રથમ વખત યોજવામાં આવેલો હિન્દ-પ્રશાંત પ્રાદેશિક સંવાદ (IPRD) ભારતીય નૌસેનાનું સર્વોચ્ચ આંતરરાષ્ટ્રીય વાર્ષિક સંમેલન અને વ્યૂહાત્મક સ્તરે નૌસેનાની સક્રિયતા દર્શાવવાનું મુખ્ય માધ્યમ છે. નેશનલ મેરિટાઇમ ફાઉન્ડેશન ભારતીય નૌસેનામાં જ્ઞાન ભાગીદાર છે અને આ કાર્યક્રમનું વાર્ષિક ધોરણે આયોજન કરવામાં તે મુખ્ય ભૂમિકા નિભાવે છે. IPRDના દરેક આયોજનનો ઉદ્દેશ હિન્દ- પ્રશાંત પ્રદેશમાં ઉભરતા પડકારો અને તકોની સમીક્ષા કરવાનો હોય છે. IPRD -૨૦૧૮માં ચાર પેટા-વિષયો પર ધ્યાન આપવામાં આવ્યું હતું જેમાં શામેલ છે: સમુદ્રી વેપાર, પ્રાદેશિક કનેક્ટિવિટી, સમગ્ર પ્રદેશના પડકારો જેમાં સતત સમુદ્રી દેખરેખ, સમુદ્રી ગતિવિધીઓના ડિજિટલાઇઝેશનમાં વૃદ્ધિ, સમુદ્રી વિસ્તારની અંદર સાઇબર જોખમો અને સમુદ્રી સુરક્ષાના ધરમૂળથી વિકાસમાં ઉદ્યોગની ભૂમિકા. IPRD -૨૦૧૯ના આયોજનથી આ સંમેલનના પહેલા આયોજનનો મજબૂત પાયો તૈયાર થયો હતો. આ દરમિયાન પાંચ વિષયવસ્તુઓ પર ચર્ચા કરવામાં આવી હતી જેમાં શામેલ છે: સમુદ્રી કનેક્ટિવિટી દ્વારા સમગ્ર ક્ષેત્રમાં પારસ્પરિક જોડાણ માટે વ્યવહારુ ઉકેલ, હિન્દ- પ્રશાંતને મુક્ત રાખવાના ઉપાય, બ્લ્યુ ઇકોનોમીને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક સંભાવનાઓની ચકાસણી, સમુદ્રી ઉદ્યોગ ૪.૦થી ઉભી થતી તકો અને સાગર તેમજ સાગરમાલાથી ઉભી થતી પ્રાદેશિક સંભાવનાઓ.

IPRD ૨૦૨૧નું આયોજન ૨૭, ૨૮ અને ૨૯ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ ઑનલાઇન માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. IPRDનું મુખ્ય ફોકસ આઠ વિશેષ પેટા વિષયો પર છે જે એક વિસ્તૃત વિષયવસ્તુ 'ઇવોલ્યૂશન ઇન મેરિટાઇમ સ્ટ્રેટેજી ડ્યૂરિંગ ધ ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરી: ઇમ્પરેટિવ્સ, ચેલેન્જિસ એન્ડ વે અહેડ' (૨૧મી સદી દરમિયાન સમુદ્રી વ્યૂહનીતિનો ક્રમિક વિકાસ: અનિવાર્યતાઓ, પડકારો અને ભાવિ માર્ગ) પર આધારિત છે. આ પેટા વિષયો પર આઠ સત્રોમાં પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવશે. આ પેનલ ચર્ચા ત્રણ દિવસ સુધી ચાલશે. આ પ્રકારે વિવિધ પરિપ્રેક્ષ્યોમાં ચર્ચા કરવાની પૂરતી તક મળી શકશે. આ આઠ પેટા વિષયો નીચે ઉલ્લેખ કર્યા મુજબ છે: (૧) હિન્દ- પ્રશાંત પ્રદેશમાં સમુદ્રી વ્યૂહનીતિનો વિકાસ: એકેન્દ્રીતા, વિવિધતા, અપેક્ષાઓ અને આકાંક્ષાઓ (૨) સમુદ્રી સુરક્ષા પર જળવાયુ પરિવર્તનના દુષ્પ્રભાવના ઉકેલ માટે અનુકૂલન વ્યૂહનીતિઓ (૩) બંદરો સંબંધિત પ્રાદેશિક સમુદ્રી કનેક્ટિવિટી અને વિકાસની વ્યૂહનીતિઓ (૪) સહયોગપૂર્ણ સમુદ્રી કાર્યક્ષેત્ર જાગૃતિ વ્યૂહનીતિઓ (૫) નિયમ આધારિત હિન્દ- પ્રશાંત સમુદ્રી પ્રણાલીને ધ્યાનમાં રાખીને શત્રુ ભાવના અંતર્ગત કાનુની પ્રક્રિયાઓ અને સિદ્ધાંતોની અવગણનાના વધી રહેલા ચલણનો દુષ્પ્રભાવ (૬) પ્રાદેશિક સાર્વજનિક- ખાનગી સમુદ્રી ભાગીદારીને પ્રોત્સાહન આપતી વ્યૂહનીતિઓ (૭) ઉર્જા- અસુરક્ષા અને તેમાં ઘટાડો લાવવા માટેની વ્યૂહનીતિઓ (૮) સમુદ્રમાં માનવસર્જિત અને સ્વયંસર્જિત સમસ્યાઓનો ઉકેલ લાવવા માટેની વ્યૂહનીતિઓ

આ સત્રો બાદ આદરણીય સંરક્ષણ મંત્રી, આદરણીય વિદેશ મંત્રી તેમજ આદરણીય પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રી સંબોધન કરશે. આ વાર્ષિક સંવાદ દ્વારા ભારતીય નૌસેના અને નેશનલ મેરિટાઇમ ફાઉન્ડેશન સતત હિન્દ- પ્રશાંત સમુદ્રી વિસ્તારને અસર કરતી ભૂ-રાજકીય ગતિવિધિઓ પર સઘન ચર્ચા થઇ શકે તેવું એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

ધ કુવરપરા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ

વડોદરા, તા.૨૭

ડભોઇ તાલુકાના ધ કુવરપરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ને ફડચામાં લઇ જવા વડોદરા સહકારી મંડળી કચેરીના જિલ્લા રજિસ્ટ્રારે અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) હેઠળ તા.૨૨ ઓકટોબર-૨૦૨૧ના રોજ અંતિમ હુકમ કર્યો છે. આ મંડળીના ફડચા અધિકારી તરીકે, સહકારી અધિકારીશ્રી ફડચા નં-૪ની નિમણુક કરવામાં આવી છે. વચગાળાના હુકમથી ફડચામાં લઇ જવાનું થતાં, હુકમ સામે વાંધા સૂચનોની તક આપવામાં આવી હતી, તેમ છતાં મંડળી તરફથી રજૂઆત કે વાંધા આવ્યા નથી. મહત્વનું છે કે, ફડચા અધિકારી નં.૪ આ કાર્યવાહી પાંચ વર્ષની મુદ્દતમાં પૂર્ણ કરશે. ફડચા અધિકારી દ્વારા તમામ હવાલો તાત્કાલિક મેળવી મંડળીના દેવાં-લ્હેણાની ખાતરી કરી,

INEOS STYROLUTION

ઇનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ

સીઆઈએન : L25200GJ1973PLC002436

રજી. ઓફિસ : પમો માળ, ઓહમ હાઉસ-II, ઓહમ બીઝનેસ પાર્ક, સુભાન